# ઘરે શીખીએ

## ધોરણ ૨

**જુલાઈ, ૨૦૨૦**




વિદ્યાર્થીનું નામઃ ______________________________

વાલીનું નામઃ ______________ મોબાઈલ નંબરઃ ______________

શાળાઃ ______________________________

ગામ/શહેરઃ ______________________________

શિક્ષણનો અધિકાર
સર્વ શિક્ષા અભિયાન
સૌ ભણે, સૌ આગળ વધે

GCERT
Gandhinagar

## નિર્માણ પ્રક્રિયાના સહયોગી

**સંકલ્પના અને માર્ગદર્શન :** શ્રી પી. ભારતી, IAS
નિયામકશ્રી, સમગ્ર શિક્ષા અભિયાન, ગાંધીનગર
ડૉ. ટી. એસ. જોષી
નિયામકશ્રી, ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, ગાંધીનગર

**સંયોજન** : શ્રી પાર્થેશ પંડ્યા, આઈટુવી ડેવલોપમેન્ટ ફાઉન્ડેશન, ગાંધીનગર

**લેખન** : શ્રીમતી બિંદુબા ઝાલા, બ્રહ્મદીપ ટ્રસ્ટ, રાજપુર
ડૉ. અમૃતા બધેકા; શ્રી પાર્થ તેરૈયા; શ્રી પાર્થેશ પંડ્યા; શ્રીમતી શિવાની જૈન
આઈટુવી ડેવલોપમેન્ટ ફાઉન્ડેશન, ગાંધીનગર

**પરામર્શન** : શ્રી હરેશભાઈ ચૌધરી, રીચ ટુ ટીચ, ગાંધીનગર
શ્રી હિરેનભાઈ વ્યાસ, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, નવસારી
શ્રી નીતિનભાઈ દલવાડી, જી.સી.ઈ.આર.ટી.

**ડીઝાઈન** : ચારકોલ ધ સ્ટુડીઓ, અમદાવાદ

---

**સહયોગ** : જી. સી. ઈ. આર. ટી; સમગ્ર શિક્ષા અભિયાન; યુનિસેફ, ગાંધીનગર

© ૨૦૨૦ જી. સી. ઈ. આર. ટી; સમગ્ર શિક્ષા અભિયાન, યુનિસેફ;
આઈટુવી ડેવલોપમેન્ટ ફાઉન્ડેશન, ગાંધીનગર

આવૃત્તિ- જુલાઈ ૨૦૨૦, ગુજરાત

## પ્રસ્તાવના

નમસ્કાર વાલી મિત્રો,

જુલાઇ માહિનાનું 'ઘરે શીખીએ' લઈને આવી ગયા છીએ.

બાળકને ઘરે શીખવાનો અનુભવ કેવો રહ્યો?

આશા રાખીએ કે આપને એ પ્રવૃત્તિ કરાવવામાં સરળતા રહી હશે.

જુલાઇ માહિનામાં આપણે બાળકને ત્રણ, ચાર અને પાંચની જૂથમાં ગણતરી કરતાં શીખવીશું. વાર્તા કહેતાં કહેતાં જ ભારે- હલકું જેવી બાબતો પણ શીખવીશું. આ વખતની વાર્તાઓની ખાસિયત એ છે કે કોઈ વાર્તા પૂરી નથી કરી. વાર્તાનો અંત બાળકો વિચારે. જે જગ્યાએ 'ક્યૂઆર' કોડ આપ્યા હોય તે સ્કેન કરશો તો વાર્તા કે ગીત જોવા મળશે.

આ મહિને બાળકને 'શ્ર' 'ષ' 'ત્ર' 'ક્ષ' અને 'જ્ઞ' આ પાંચ અક્ષરો પણ શીખવવાના છીએ. તેને ઓળખાતાં અને લખતાં આવડે તે માટે મહાવરા આપવા પડશે. સ્માર્ટ ફોન ન હોય તો બિલકુલ ચિંતા ન કરશો. અહીં તે ગીત કે વાર્તા મૂકીએ જ છીએ. જૂથમાં ગણતરી, અંદાજ લગાવવો, ભારે-હલકું આ બધું બાળકને વારંવાર કરાવતા રહેજો જેથી તે સારી રીતે સમજતું થઈ જાય.


બધાં બાળકોની શીખવાની ઝડપ એક સરખી નથી હોતી. માટે બાળકને કોઈ બાબત શીખતાં વાર લાગે કે ન ફાવે તો ગુસ્સે ન થશો. ધીરજ રાખજો.

કોવિડ- ૧૯ ના કારણે હાલની સ્થિતિમાં આપણે બાળકને ઘરે રહી જેટલું કરાવી શકીએ તેટલું કરાવીશું. માટે આશા રાખીએ છીએ કે તમે જુલાઇ મહિનાના 'ઘરે શીખીએ'ની તમામ પ્રવૃત્તિ સરસ રીતે કરાવશો. કરાવશો ને?

| પ્રવૃત્તિ ક્રમ | પ્રવૃત્તિનું નામ | સામગ્રી | કેટલા દિવસ કરશે? | વિષય | બાળક આ પ્રવૃત્તિથી શું શીખશે? |
|---|---|---|---|---|---|
| ૧. | ત્રણ – ત્રણનાં જૂથની ગણતરી | જૂનાં છાપાં, કડક કાગળ, ગુંદર, કાતર | ૫ | ગણિત | ૩ નો ઘડિયો શીખે. જૂથમાં ગણતરી શીખે. |
| ૨. | અંદાજ લગાવવો | દિવાસળીની પેટી | ૫ | ગણિત | બાળક અંદાજ કરતું થાય. |
| ૩. | શિયાળ અને કાગડાની વાર્તા | સ્માર્ટફોન | ૫ | ભાષા | વાર્તા સમજતાં અને કહેતાં શીખે. |
| ૪. | વાર્તાઃ ચાલાક ગધેડો | સ્માર્ટફોન | ૫ | ભાષા | વાર્તા સમજતા અને કહેતા શીખે. |
| ૫. | કોણ ભારે? | પેન્સિલ | ૧ | ગણિત | અંદાજ લગાવતાં શીખે. |
| ૬. | આવો મેઘરાજા | પેન્સિલ, મીણિયા રંગ | ૫ | ભાષા | જોડકણાં અને ગીતો ગાતાં શીખે. |
| ૭. | અક્ષર ઓળખીએ લેખન કરીએ – ૧ | પેન્સિલ, મીણિયા રંગ | ૨ | ભાષા | શ્ર, ક્ષ, જ્ઞ નો પરિચય થાય અને આ ત્રણ મૂળાક્ષર લખતાં શીખે |
| ૮. | શબ્દો વાંચો – શબ્દો લખો | પેન્સિલ | ૨ | ભાષા | શ્ર, ક્ષ અને જ્ઞ અક્ષરો ધરાવતા શબ્દો લખે. |
| ૯. | હું ઊંચકી શકું? | પેન્સિલ | ૧ | ગણિત | અંદાજ કરતાં શીખે. |
| ૧૦. | પાંચ-પાંચનાં જૂથની ગણતરી | કડક કાગળ, કાતર, પેન્સિલ | ૫ | ગણિત | ૫ નો ઘડિયો શીખશે. જૂથમાં ગણતરી શીખે. |
| ૧૧. | અક્ષર ઓળખીએ લેખન કરીએ – ૧ | પેન્સિલ | ૨ | ભાષા | ષ અને ત્ર અક્ષર ઓળખે તથા લખતાં શીખે. |
| ૧૨. | ચિત્રને સમજીએ | પેન્સિલ, મીણિયા રંગ | ૨ | પર્યાવરણ | બાળક ચિત્ર વર્ણન કરી શકે. |
| ૧૩. | જોડકણું – આ દાતરડું કેવું? | સ્માર્ટફોન, પેન્સિલ | ૫ | ભાષા – પર્યાવરણ | જોડકણાં અને ગીતો ગાતાં શીખશે. |
| ૧૪. | સંખ્યાપટ્ટી | કડક કાગળ, કાતર, પેન્સિલ | ૫ | ગણિત | બાળક સંખ્યાપટ્ટી પર મૌખિક સરવાળા અને બાદબાકી કરે છે. |

## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૧ | ત્રણ – ત્રણનાં જૂથની ગણતરી | ૦૫ |
| ૨ | અંદાજ લગાવવો | ૦૬ |
| ૩ | શિયાળ અને કાગડાની વાર્તા | ૦૭ |
| ૪ | વાર્તા – ચાલાક ગધેડો | ૦૮ |
| ૫ | કોણ ભારે? | ૦૯ |
| ૬ | આવો મેઘરાજા | ૧૦ |
| ૭ | અક્ષર ઓળખીએ લેખન કરીએ – ૧ | ૧૧ |
| ૮ | શબ્દો વાંચો – શબ્દો લખો | ૧૨ |
| ૯ | હું ઊંચકી શકું? | ૧૩ |
| ૧૦ | પાંચ-પાંચના જૂથની ગણતરી | ૧૪ |
| ૧૧ | અક્ષર ઓળખીએ લેખન કરીએ – ૨ | ૧૫ |
| ૧૨ | ચિત્રને સમજીએ | ૧૬ |
| ૧૩ | જોડકણું – આ દાતરડું કેવું? | ૧૭ |
| ૧૪ | સંખ્યાપટ્ટી | ૧૮ |

# પ્રવૃત્તિ ૧ ત્રણ – ત્રણનાં જૂથની ગણતરી

**સામગ્રીઃ છાપું, કડક કાગળ, ગુંદર, કાતર**

આ માસની શરૂઆત ગણતરીથી કરીએ. આપણે બાળક પાસે ત્રણ ત્રણનાં જૂથની ગણતરી કરાવવી છે.

- એક કડક કાગળ લો. કંકોત્રીનો કાગળ પણ ચાલે.
- તેમાંથી ૮ સેમી લંબાઈ અને ૪ સેમી પહોળાઈના ૧૦ ટુકડા કાપી લો.
- હવે છાપાંમાંથી આશરે ૮ સેમી લંબાઈના ચોરસ ટુકડા કાપી લો. ટુકડા ૩૦ નંગ જોઈશે. આ કામ બાળકો ન કરી શકે તેમ હોય તો વાલીએ કરી આપવું.
- આટલી તૈયારી થયા પછી બાળકને કહો કે છાપાંના કાગળના ટુકડામાંથી ગોળ ગોળ ડૂચા બનાવે. ૩૦ ટુકડામાંથી ૩૦ નાના ડૂચા બનશે.
- કડક કાગળના એક ટુકડા પર ૩ ડૂચા ચોંટાડોતે માટે બાળકને કહો કે એક ટુકડો લે. તેના પર ગુંદરની મદદથી ત્રણ ડૂચા ચોંટાડે. આ રીતે દસેય ટુકડા પર ૩ -૩ ડૂચા ચોંટાડે. હવે તેને સુકવવા મૂકી દો.

હવે રોજ એક વાર આપના બાળકને ગણતરી કરવા આપો.  એક કાર્ડ લે એટલે ૩ થાય, બીજું તેના પર મૂકે એટલે ૬ થાય આમ ૩ ,૬ ,૯ ......૩૦ સુધી ગણતરી થશે.

આ પ્રવૃત્તિથી બાળકને ૩નો ઘડિયો સમજાઈ જશે તથા યાદ પણ રહી જશે.



# પ્રવૃત્તિ ૨ અંદાજ લગાવવો


**સામગ્રીઃ દિવાસળીની પેટી**

અંદાજ લગાવવાની પ્રવૃત્તિ માટે એક બાકસમાંથી થોડી દિવાસળીઓ બહાર મૂકો. બાળકને પૂછો કે આ કેટલી દિવાસળી હશે? બાળક જવાબ આપે પછી દિવાસળી ગણાવવી. દિવાસળી બાકસમાં પાછી મૂકવી. ફરી દિવાસળી બહાર કાઢો. પહેલી વખતે લીધી હતી તેથી ઓછી અથવા વધારે લેવી. ફરી બાળક અંદાજ લગાવે, ફરી દિવાસળી ગણવાની, જોવાનું કે બાળકનો અંદાજ હકીકતની નજીક છે કે નહીં. આ રીતે ચારેક વાર કરવું. પછી કદાચ બાળકને કંટાળો આવે તેવું પણ બને.


એવું પણ કરાય કે એકવાર બાળક અંદાજ લગાવે અને એકવાર તમે અંદાજ લગાવો. આમ કરવાથી બાળકને રમત રમવા જેવું લાગશે.

આ પ્રવૃત્તિ લગભગ રોજ કરાવવી જોઈએ. કારણ કે આ પ્રવૃત્તિથી બાળકને અંદાજ લગાવવાની સારી ફાવટ આવી જશે. જે તેના માટે ખૂબ ઉપયોગી થશે.





https://www.youtube.com/watch?v=g6yGYOnoCWI

# પ્રવૃત્તિ ૩ શિયાળ અને કાગડાની વાર્તા

**સામગ્રીઃ સ્માર્ટ ફોન**

આ વાર્તા બાળકને બતાવો. તે માટે અહીં નીચે આપેલ QR કોડને સ્કેન કરો. બાળકને પસંદ પડે તો ચાર પાંચ દિવસ સુધી રોજ એક વાર બતાવો.

જો આપની પાસે સ્માર્ટ ફોન ન હોય તો નીચે આ વાર્તા આપેલ છે. તમે તે વાર્તા વાંચી કે કહી સંભળાવો. સાંભળ્યા કે જોયા પછી બાળક પોતે આ વાર્તા કહેતું થાય ત્યાં સુધી આપણે પ્રયાસ કરતાં રહીશું.

એક કાગડો હતો. બપોરના સમયે તેને ભૂખ લાગી હતી. ખોરાક શોધવા તે આમતેમ ઊડાઊડ કરતો હતો. કાગડાને એક પૂરી મળી. તે પૂરી લઈ એક ઝાડ પર બેઠો. હજુ પૂરી ખાવા જાય ત્યાં જ એક શિયાળ ત્યાં આવ્યું. શિયાળે કાગડાના મોંમાં પૂરી જોઈ. પૂરી જોઈ શિયાળને થયું કે હું કાગડાને મૂર્ખ બનાવી તેની પૂરી પડાવી લઉં.

શિયાળે કહ્યું – કાગડાભાઈ! જરા સમજો તો ખરા. આ સમય ખાવાનો નહીં, પણ ગાવાનો છે. વળી, તમે કેટલું સારું ગાઓ છો! મને મધુર ગીત સાંભળવાનું મન થયું છે. મારી ઈચ્છા પૂરી કરો તેવી મારી વિનંતી છે. એક ગીત સંભળાવોને.

કાગડો પોતાના વખાણ સાંભળી ફૂલાઈ ગયો. કાગડાએ ગીત ગાવા માટે જેવું મોં ખોલ્યું, પૂરી નીચે પડી ગઈ. શિયાળ પૂરી લઈ જતું રહ્યું.

**આ વાર્તા સંભળાવ્યા પછી નીચે જેવા પ્રશ્નોની ચર્ચા કરો.**

૧. કાગડાને શું મળેલું?

૨. શિયાળે પૂરી શા માટે પડાવી હશે?

૩. તમારા મોંમાં પૂરી હોય તો તમે ગીત ગાઈ શકો?

૪. તમે કાગડાભાઈની જગ્યાએ હો તો શું કરો?

આ વાર્તાને હવે આ રીતે કહો (અથવા વિડીઓમાં દેખાડો)

કેટલાક વખત પછી ફરીથી કાગડાભાઇ પૂરી લઈને ઝાડ પર બેઠા હતા. ત્યારે ત્યાં ફરીથી પેલું શિયાળ આવ્યું. તેણે કાગડાભાઈનાં ફરીથી વખાણ કર્યાં. હવે આ વખતે કાગડાભાઈ શું કરશે?



https://www.youtube.com/watch?v=4Hf68dOMzsA

# પ્રવૃત્તિ ૪ વાર્તા – ચાલાક ગધેડો

**સામગ્રીઃ સ્માર્ટ ફોન**

બાળકોને ભારે અને હલકાં વિશે સમજ આપવા માટેની આ વાર્તા છે. અહીં નીચે આપેલ QR કોડ સ્કેન કરો. બાળકને ચાલાક ગધેડાની વાર્તા બતાવો. જો સ્માર્ટ ફોન ન હોય તો નીચે આપેલ વાર્તા વાંચી સાંભળવવી. વાર્તાની ખાસિયત એ છે કે વાર્તા અધૂરી રાખેલ છે. બાળકે નક્કી કરવાનું છે કે ઊનનો કોથળો પલળશે તો તે વજનમાં ભારે થઈ જશે કે હલકો. તો બાળકને વાર્તા બતાવો અથવા સંભળાવો અને આગળ શું થશે તેની ચર્ચા કરો.


**વાર્તાઃ**

મોતીપુરા નામનું એક નાનકડું ગામ. આ ગામમાં રામુ નામનો એક માણસ રહે. તેની પાસે એક ગધેડું હતું. રામુ દરરોજ ગધેડાની પીઠ પર મીઠાની બોરીઓ મૂકી બજારમાં લઈ જતો. રસ્તામાં એક નદી આવે. આ નદી ઓળંગી રામુ અને ગધેડું બજારમાં જાય.

એક દિવસ નદી પસાર કરતાં ગધેડું લપસીને નદીના પાણીમાં પડી ગયું. જયારે ઊભું થયું ત્યારે તેને મીઠાની બોરી હલકી લાગી. આથી ગધેડું ખૂબ જ ખુશ થયું અને તેને પીઠ પરથી ભાર ઓછો કરવાની યુક્તિ મળી ગઈ. તેણે ફરીવાર નદી ઓળંગવાની થાય ત્યારે પાણીમાં ડૂબકી મારવાનું નક્કી કર્યું.

પછી તો ગધેડું દરરોજ પોતાની યુક્તિ પ્રમાણે નદીના પાણીમાં ડૂબકી મારે અને પોતાની પીઠ પરનું વજન ઓછું કરે.

એક દિવસ રામુને ગધેડાની ચાલાકી સમજાઈ ગઈ, આથી તેણે બોરીમાં મીઠાને બદલે ઊન ભરી દીધું. ગધેડું તો દરરોજની જેમ ખુશ થતું થતું નદીમાં ડૂબકી મારવા લાગ્યું.પણ,.....



આ વાર્તા અહીં અધુરી છે. બાળકને પૂછો કે હવે શું થશે?


ઘરમાં કોઈ ઊનનો ટુકડો પડયો હોય તો તેને આપીને પાણીમાં ડૂબાડવા કહો, અને શું થાય છે તેનો અનુભવ કરવા કહો?

https://www.youtube.com/watch?v=uDUYrOJ1ggc

# પ્રવૃત્તિ ૫ કોણ ભારે?

**સામગ્રીઃ પેન્સિલ**

અહીં બે-બેની જોડમાં ચિત્ર આપેલ છે. ચિત્રની નીચે ખાનાં આપેલાં છે. તમને બે વસ્તુમાંથી જે ભારે દેખાતી હોય તેની નીચે √ નિશાની કરો.



આ પ્રવૃત્તિ બાળકોને હલકા ભારેનો અંદાજ કરવાની ટેવ પડે તે માટે મૂકી છે. માટે ગમે ત્યારે બાળકને આવા પ્રશ્નો પૂછી શકાય.

દાખલા તરીકે તમે બહાર જવા બુટ પહેરી રહ્યા છો, તો એ વખતે બાળકને પૂછાય કે આ બુટ અને તારા ચંપલમાં કોણ વધારે ભારે? જમતી વખતે લોટો અને પ્યાલો ભરેલા હોય તો પૂછાય કે આ બેમાં કોણ ભારે? લોટો કે પ્યાલો? થાળી ભારે કે વાટકો?

ટૂંકમાં, આ પ્રવૃત્તિ માત્ર આ પાનાં પૂરતી ન રાખતાં રોજિંદા જીવન સાથે જોડીને કરાવો તેવી અપેક્ષા છે.

# પ્રવૃત્તિ ૬ આવો મેઘરાજા

**સામગ્રીઃ- પેન્સિલ, મીણીયા રંગ**

ચોમાસાની ઋતુ છે , માટે બાળકોને વરસાદનું જોડકણું ગવડાવવું.

આવો મેઘરાજા , વગાડવો વાજા ,
પીપી પીપી પોમ પોમ ( ૨ )
મુશળધાર મુશળધાર.......
વરસે છે પાણીડાધાર
છલબલ છલબલ છોમ છોમ ( ૨ )
રેલમછેલ રેલમછેલ.........
નદી નાળાં રેલમછેલ
સરરરર સરરરર સોમ સોમ ( ૨ )

તે પછી ચોમાસા અંગે થોડી વાત કરવી. જેવી કે આ ઋતુને ચોમાસુ કહેવાય, ચોમાસામાં વરસાદ આવે. વાદળ વરસાદ આપે. વરસાદ પડવાથી બધે ઘાસ ઊગી નીકળે. જુદાં-જુદાં પ્રકારનાં જીવડાં ફરવા લાગે. નદીમાં નવું પાણી આવે. ખેડૂતો ખેતરમાં વાવણી કરે. આવી એકદમ સરળ માહિતી- સાદા શબ્દોમાં કહેવી.

**બાળકને નીચે જેવા પ્રશ્નો પૂછી શકાય.**

૧. વાદળના રંગ કેવા કેવા હોય?
૨. વરસાદથી બચવું હોય તો શું કરવું પડે?
૩. વરસાદના પાણીને અડીએ તો ઠંડુ લાગે કે ગરમ લાગે?
૪. વરસાદનું પાણી ચોખ્ખું હોય તો ખાબોચિયાનું કેમ ડહોળું હોય?
૫. ખાબોચિયામાં કીડી જુઓ તો કેવી રીતે બચાવશો?

આવા પ્રશ્નો પૂછવાથી તેની સમજણ અને શબ્દભંડોળ , બંનેમાં વધારો થાય.
અહીં દોરેલ છે તેવું ચિત્ર બાજુમાં આપેલ જગ્યામાં દોરવા માટે બાળકને કહો.
તેને ગમે તો આપેલ ચિત્રમાં પછીથી રંગ પણ પૂરી શકે.




https://www.youtube.com/watch?v=BeKH37vNXCQ


# પ્રવૃત્તિ ૭ અક્ષર ઓળખીએ લેખન કરીએ – ૧

**સામગ્રીઃ મીણિયા કલર, પેન્સિલ**

બાળકને શ્ર, ક્ષ અને જ્ઞ આ ત્રણ અક્ષરોનો પરિચય કરાવવાનો છે. તે માટે નીચે કેટલાંક અક્ષરજૂથ આપેલાં છે. જૂથની ઉપર એક અક્ષર લખેલ છે. બાળકને કહો કે જૂથમાંથી તે અક્ષર શોધી તેના પર રંગ કરે.

અહીં નીચે ત્રુટક રેખામાં શ્ર, ક્ષ અને જ્ઞ લખેલ છે તેના પર પેન્સિલ વડે લખો.



# પ્રવૃત્તિ ૮ શબ્દો વાંચો – શબ્દો લખો

**સામગ્રીઃ પેન્સિલ**

નીચે કેટલાક શબ્દો લખેલા છે, તે શબ્દો બાળક પાસે વંચાવો, જો તેને વાંચતાં ન ફાવે તો તમે તેને મદદ કરો. બરાબર વાંચતાં ફાવી જાય તે માટે રોજ એક વાર શબ્દો વંચાવો. દરેક શબ્દની નીચે જગ્યા આપેલ છે. બાળકને તે જગ્યામાં તે શબ્દ લખવા કહો.

| શ્ર | | ક્ષ | | જ્ઞ | |
|---|---|---|---|---|---|
| ૧. શ્રમ | ______ | ૧. ક્ષણ | ______ | ૧. જ્ઞાત | ______ |
| ૨. શ્રવણ | ______ | ૨. ક્ષમા | ______ | ૨. જ્ઞાતિ | ______ |
| ૩. શ્રાવણ | ______ | ૩. ક્ષય | ______ | ૩. જ્ઞાન | ______ |
| ૪. શ્રાપ | ______ | ૪. ક્ષાર | ______ | ૪. વિજ્ઞાન | ______ |
| ૫. શ્રી | ______ | ૫. ક્ષિતિ | ______ | ૫. અજ્ઞાત | ______ |
| ૬. શ્રીખંડ | ______ | ૬. ક્ષિતિજ | ______ | ૬. અજ્ઞાન | ______ |
| ૭. શ્રીકાંત | ______ | ૭. ક્ષીણ | ______ | ૭. યજ્ઞ | ______ |
| ૮. શ્રીધર | ______ | ૮. ક્ષુપ | ______ | ૮. યજ્ઞેશ | ______ |
| ૯. શ્રીફળ | ______ | ૯. ક્ષેત્ર | ______ | ૯. પ્રજ્ઞા | ______ |
| ૧૦. શ્રીમાન | ______ | ૧૦. ક્ષત્રિય | ______ | ૧૦. સંજ્ઞા | ______ |

**વાલીઓ માટે સૂચના**

આટલું બાળક લખી રહે એટલે તેને નીચે આપેલ જગ્યામાં કોઈ એક ગમતા પક્ષી કે પ્રાણી વિષે થોડું લખવા કહો.

મને ગમતું ______________________________

______________________________

______________________________

## પ્રવૃત્તિ ૯ હું ઊંચકી શકું?

**સામગ્રીઃ પેન્સિલ**

નીચે ૧૦ વાક્યો છે. બાળક તે વાક્ય વાચે. વાક્યની બાજુમાં 'હા / ના' જવાબ લખ્યા છે. બાળક વિચારે કે આવું થઈ શકે કે નહીં. જો તે થઈ શકે તેવું લાગે તો 'હા' રહેવા દે અને 'ના' ચેકી નાખે. જો બાળકને લાગે કે આ તો ન થઈ શકે તો 'હા' ચેકી નાખે.

બાળકને વાંચતાં ન ફાવે અથવા વાંચેલું સમજી ન શકે તો તમે તેની મદદ કરજો.

**ઉદાહરણ - હું પાંચ કેળાં એક સાથે ઊંચકી શકું છું :હા / ~~ના~~**

૧. હું નાનું ગલૂડિયું ઊંચકી શકું છું: હા / ના

૨. ઘોડો મને ઊંચકી શકે છે: હા / ના

૩. હું ખાલી ડોલ ઊંચકી શકું છું: હા / ના

૪. ચકલી પાણી ભરેલો પ્યાલો ઊંચકી શકે છે: હા / ના

૫. હું એક સાથે ૫૦ થાળી ઊંચકી શકું છું: હા / ના

૬. હાથી મને, મારા પપ્પાને અને મમ્મીને તેની પીઠ પર ઊંચકી શકે છે: હા / ના

૭. હું એક સાથે ૧૦ પેન્સિલ ઊંચકી શકું છું: હા / ના

૮. હું એક કિલો ખાંડ ઊંચકી શકું છું: હા / ના

૯. હું ગાયને એક હાથે ઊંચકી શકું છું: હા / ના

૧૦. મારા પપ્પા મને ઊંચકી શકે છે: હા / ના

# પ્રવૃત્તિ ૧૦ પાંચ – પાંચનાં જૂથની ગણતરી


**સામગ્રીઃ કડક કાગળ, કાતર, પેન્સિલ**

આપણે બાળકને પાંચ-પાંચના જૂથની ગણતરી કરતાં શીખવવી છે. હવે, કડક કાગળ લો, કંકોત્રી પણ ચાલે, બાળકને તેના પર હાથનો પંજો રાખવા કહો. હવે પેન્સિલની મદદથી તેનો પંજો દોરવા કહો. હવે કાતરથી પંજાની આકૃતિ કાપવા કહો. આવા દસ પંજા બનાવો. બાળક પંજાની આકૃતિ કાપી ન શકે તો તમારે કાપી આપવા.

હવે બાળકને પાંચ-પાંચનાં જૂથની ગણતરી કરવો. હાથના એક પંજાના પાંચ આંગળા હોય, માટે બાળક એક આકૃતિ ઉઠાવી ગણતરી કરશે. ૫, ૧૦, ૧૫, ૨૦..........૫૦ આ રીતે ગણતરી કરાવવી.

ગણતરી કરવાની આ પ્રવૃત્તિ તેને રોજ એકવાર કરાવવી. આમ કરવાથી તેને ગણતરી ફાવી જશે.

આ પ્રવૃત્તિથી બાળકને પાંચ-પાંચની ગણતરી કરવાની ફાવટ આવશે તથા પાંચનો ઘડિયો પણ ફાવી જશે.



https://www.youtube.com/watch?v=H_6zjV3S_PI

## પ્રવૃત્તિ ૧૧ અક્ષર ઓળખીએ લેખન કરીએ – ૨

**સામગ્રીઃ પેન્સિલ**

આ પ્રવૃત્તિ દ્વારા આપણે બાળકને 'ષ' અને 'ત્ર' આ બે અક્ષરનો પરિચય કરાવવો છે. તે માટે અહીં નીચે બે ખાનાં આપ્યાં છે. ખાનાંની ઉપર એક અક્ષર છે. બાળકને 'ષ' અને 'ત્ર' અક્ષરનો પરિચય કરાવો. હવે તેમને કહો કે ખાનાંની ઉપર જે અક્ષર છે તેવા અક્ષર શોધી તેના ફરતે મીંડું દોરો.

**ષ**

ષ ટ ષ ણ ઘ
ઠ ઢ ષ ત ષ
ગ ખ
થ ડ ષ ક ષ

**ત્ર**

ત્ર ટ ત ણ ત્ર
ઠ ત્ર થ ડ
ત્ર ગ ત્ર ખ
થ ડ ક ત્ર


બાળકને આ અક્ષર લખતાં ફાવે તે માટે અહીં નીચે ત્રુટક રેખાથી લખેલા અક્ષરોનું લેખન કરાવો.



## પ્રવૃત્તિ ૧૨ ચિત્રને સમજીએ

**સામગ્રીઃ પેન્સિલ તથા મીણિયાં રંગ**

અહીં એક ચિત્ર આપેલું છે. બાળકને કહો કે તે ચિત્ર બરાબર જુએ. ચિત્રની નીચે કેટલાક પ્રશ્નો છે, બાળક ચિત્ર જોઈ તે આધારે જવાબ આપે તેવું કહો. બાળકને વાંચતાં ન આવડતું હોય કે પ્રશ્ન ન સમજાતો હોય તો તમે તેને મદદ કરો.



**બાળકને નીચેના પ્રશ્નોના જવાબ આપવા કહોઃ**

૧. ચિત્રમાં કેટલાં બાળકો દેખાય છે? ______

૨. તળાવમાં શું શું દેખાય છે? ______

૩. તળાવ કિનારે બેઠેલા બાળકે શું પહેર્યું છે? ______

૪. તમે ક્યારેય પૈડાંના ઝૂલામાં ઝૂલ્યા છો? ______

૫. હીંચકો બાંધવો હોય તો શું જોઈએ? ______

# પ્રવૃત્તિ ૧૩ જોડકણું – આ દાતરડું કેવું?


અહીં જે આપેલું જોડકણું છે તે વર્ષોથી ગુજરાતમાં ગવાતું જોડકણું છે. જોડકણામાં જે ક્રમ રહેલો છે તે બાળકોને ગમશે.

આ દાતરડું કેવું? ઘાસ કાપે તેવું.
આ ઘાસ કેવું? ગાય ખાય તેવું.
આ ગાય કેવી? દૂધ આપે તેવી.
આ દૂધ કેવું? દહીં થાય એવું.
આ દહીં કેવું? માખણ થાય એવું.
આ માખણ કેવું? ઘી થાય એવું.
આ ઘી કેવું? લાડુ થાય એવું.
આ લાડવા કેવા? બધા ખાય એવા.

બાળકને જોડકણામાં શું આવે છે તે સમજાવવું.

દૂધને ગરમ કરી ઠારીએ. સહેજ જ હુફાળું હોય ત્યારે તેમાં ચમચી છાશ કે અડધી ચમચી દહીં નાખીએ, ઢાંકીને એક રાત મૂકી રાખીએ તો તેમાથી દહીં થાય. દહીંને વલોવીએ એટલે માખણ થાય. માખણને બરાબર ગરમ કરીએ એટલે ઘી થાય. આ આખી પ્રક્રિયા સમજાવવી.

અહીં નીચે કેટલાક શબ્દો આપેલા છે. જે જોડકણામાં આવેલા છે. બાળકને કહો કે તેને જોડકણાના ક્રમમાં ગોઠવે.




https://www.youtube.com/watch?v=DPM-rMLKK9k

## પ્રવૃત્તિ ૧૪ સંખ્યાપટ્ટી

**સામગ્રીઃ ચાર્ટ પેપરની બનાવેલી એક પટ્ટી, કાતર, માપપટ્ટી, પેન્સિલ**

બાળકને નીચે આપેલી પ્રવૃત્તિ કરાવો અને નીચે આપેલા પ્રશ્નોના જવાબ શોધવા કહો.

એક ચાર્ટ પેપર લો. તેમાંથી એક લાંબી પટ્ટી કાપો. તેના પર એક સરખા અંતરે કાપા બનાવો. સરખું અંતર રાખવા તમે કોઈ ચોક્કસ માપ લઇ શકો. જેમ કે, તમારી પાસેનું રબ્બર, કે આંગળીનો વેઢો, કે બીજું કંઈક. તમારે કુલ ૨૦ કાપા કરવાના છે. ડાબી તરફના કાપાને ૧ થી શરુ કરી જમણી તરફ જતાં ૨૦ સુધી ક્રમ આપો.

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ | ૧૬ | ૧૭ | ૧૮ | ૧૯ | ૨૦ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | | | | | | | | | | | | |

હવે બહારથી થોડા પથ્થર લઇ આવો. દરેક અંકની સામે એક એક પથ્થર મુકો. કુલ ૨૦ પથ્થર થશે. આટલું કર્યા પછી નીચે કેટલાક પ્રશ્નો આપેલા છે તેના જવાબ લખો.

૧. કોઈ પણ પાંચ પથ્થર લઇ લો. હવે બાકીના પથ્થર ફરીથી ગોઠવો. કેટલા ક્રમ સુધી પથ્થર આવ્યા? __________

૨. હવે બે પથ્થર ઉમેરો. હવે કેટલા ક્રમ સુધી પહોંચ્યા? __________

આ ૨૦ પથ્થરમાંથી પપ્પાના પાંચ પથ્થર જુદા મુકો. મમ્મીના પણ પાંચ પથ્થર જુદા મુકો. અને તમારા ૧૦ પથ્થર રાખો. હવે નીચેના પ્રશ્નોના જવાબ વિચારીને લખો.

૧. પપ્પાના અને મમ્મીના કુલ પથ્થર કેટલા? __________

૨. તમારા અને મમ્મીના કુલ પથ્થર કેટલા? __________

૩. તમે પપ્પાને ૩ પથ્થર આપો તો હવે તમારી પાસે કેટલા રહેશે? __________

૪. પપ્પા પોતાના બધા જ પથ્થર મમ્મીને આપે તો મમ્મી પાસે કુલ કેટલા પથ્થર થશે? __________

૫. તમારાથી મમ્મીના પથ્થર કેટલા ઓછા છે?

## મારી દિનચર્યા (આ પત્રક વાલીએ ભરવું)

| તારીખ | "ઘરે શીખીએ"ની પ્રવૃત્તિ કરી (સમય) | ભણવાના વિડીઓ જોયા (સમય) | રમત-ગમત અને કસરત (સમય) | શિક્ષક સાથે ફોન પર વાત થઇ (જે દિવસે વાત થઇ હોય ત્યાં ખરાની નિશાની કરવી) |
|---|---|---|---|---|
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |

unicef

ItoWE
Development Foundation

419-A, Block B, Siddhraj Zori, Sargasan crossroad, Gandhinagar-382421, Gujarat, India, info@itowe.in I www.itowe.in